# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૦/ક્વા-૦૧/૨૦૨૨-૨૩/ ૩૫૩૫-૨ — તારીખ : ૨૦ - ૦૫ - ૨૦૨૨

**રજી. એડી. પત્ર**

પ્રતિ,
કાબાભાઈ રતાભાઈ મુંધવા
ખોડીયારનગર, શેરી નં. ૧૫, એસ.ટી.વર્કશોપ પાછળ, ગોંડલ રોડ,
મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ , જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૪
મોબાઈલ : ૯૩૭૪૧૮૫૨૪૮

વિષય : ક્ષતિયુક્ત વીજબીલ સુધારણા હેતુ.

સંદર્ભ: આપશ્રીની રજુઆત પત્ર નંબર : Nil, તા. ૧૮-૦૪-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૦/ક્વા-૦૧/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

**(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.**

**(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.**

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

**(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, મવડી રોડ રાજકોટ શહેર.**

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૦/ક્વા-૧/૨૨-૨૩/ તા.

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG-૧૦/ક્વા-૧/૨૨-૨૩**

| | |
|---|---|
| અરજદાર | : કાબાભાઈ રતાભાઈ મુંધવા ગામ: રાજકોટ |
| પેટા વિભાગીય કચેરી | : મવડી રોડ |
| રજૂઆત કરનાર | : અરજદાર કાબાભાઈ રતાભાઈ મુંધવા હાજર રહેલ છે. |

:: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – શહેર-૩ રાજકોટ |
| રજૂઆત કરનાર | : શ્રી પી.પી.ભારદ્વાજ, નાયબ ઈજનેર, પી.જી.વી.સી.એલ., પેટા વિભાગીય કચેરી – મવડી રોડ રાજકોટ હાજર રહેલ છે. |

:: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી.મકવાણા |
| ૨) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી |
| ૩) સભ્ય (ટેકનીકલ) | - શ્રી ડી.વી.લાખાણી |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | :કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | :૧૧.૦૫.૨૦૨૨ (બુધવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૧.૦૫.૨૦૨૨ (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓ ગ્રાહક નં.૩૦૬૦૮/૧૬૪૨૫/૯ થી મવડી રોડ પેટાવિભાગીય કચેરી હેઠળ રહેણાંક વીજજોડાણ ધરાવે છે તેમજ સદર જગ્યા પર છેલ્લા ૨૦ વર્ષથી રહે છે. પરંતુ અચાનક જ અરજદારને માહે ફેબ્રુ-માર્ચ ૨૦૨૨નું ૩૩૭૯ યુનીટનું વીજબીલ રકમ રૂ.૨૮૦૩૫/- નું આપવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદાર સંલગ્ન પેટાવિભાગીય કચેરીના નાયબ ઇજનેરશ્રીને મળ્યા પરંતુ સંલગ્ન કચેરી ખાતેથી અરજદારને કોઈપણ જાતનો સંતોષકારક કે સમજણ ભરેલ જવાબ મળેલ નથી. અરજદાર વધુમાં

જણાવે છે કે તેના ઘરમાં ૪ (ચાર) પંખા, ૫ (પાંચ) સીએફએલ બલ્બ તેમજ ૦.૫ હો.પા. ની પાણીની મોટર છે જે મોટર મહિનામાં આશરે ૩૦૦ (૧૫ દિવસ x ૨૦ મિનીટ) મિનીટ ચાલે છે. વધુમાં એક સાથે ખુબજ યુનિટ વપરાશનું બિલ કે જે અરજદારના સરેરાશ વપરાશના બિલ થી ૧૦ થી ૨૦ ગણું વધુ થાય છે, ખુબજ યુનિટ અચાનક એક સાથે એક બિલમાં આવવાનું કારણ શું હોઈ શકે? તેમજ શું આ ગણતરી યોગ્ય છે? વધુમાં અરજદાર વિનંતી સહ જણાવે છે કે સદર બાંબતનો યોગ્ય રીતે નિકાલ ન આવે ત્યાં સુધી અરજદાર સદર ક્ષતિયુક્ત બીલની રકમના બદલે પાછલા બીલની રકમ મુજબ રકમ ભરપાઈ કરવા સહમતિ આપે છે અને જયારે પણ ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દ્વારા સદર બાબતનો જે કોઈપણ નિર્ણય આંવશે તે મુજબની વધ-ઘટ રકમ ભરવાની ખાત્રી આપે છે. આમ, અરજદાર દ્વારા સદર ક્ષતિયુક્ત વીજબીલ બાબતે યોગ્ય થવા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ છે કે, મવડીરોડ પેટાવિભાગીય કચેરીના ગ્રાહકનંબર-૩૦૬૦૮/૧૬૪૨૫/૯ શ્રી કાબાભાઈ રતાભાઈ મુંધવા તા.૨૬.૦૯.૨૦૦૪ થી રહેણાંક હેતુનું વીજજોડાણ મવડી રોડ સબડીવીઝનમાં ધરાવે છે. સદર ગ્રાહક દ્વારા તેઓના રહેણાંક વીજજોડાણમાં માહે-ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૨ ના વીજબીલ ક્ષતિયુક્ત હોય તે સુધારવાની રજૂઆત ફોરમ સમક્ષ કરેલ છે.

૩.૧ સદર વીજજોડાણ ગ્રાહકનંબર-૩૦૬૦૮/૧૬૪૨૫/૯માં માહે ફેબ્રુ-માર્ચ-૨૦૨૨ માં ૩૩૭૯ યુનિટનું એકસાથે બીલ આપેલ છે જે ફરિયાદના અનુસંધાને મીટર બદલાવતા મીટર લેબમા તા.૦૨.૦૫.૨૦૨૨ ના રોજ ખુલતા લેબ રીપોર્ટના આધારે માહે એપ્રિલ-મે-૨૦૨૦ થી માહે ફેબ્રુ-માર્ચ-૨૦૨૨ સુધીના યુનિટ પ્રમાણે વીજબીલને વિભાજીત કરતા આપેલ માહે ફેબ્રુ-માર્ચ-૨૦૨૨ના વીજબીલની રકમ રૂ.૨૮૦૩૫.૯૮ માંથી વિભાજન મુજબ રૂ.૩૦૨.૧૫ બાદ કરતા રૂ.૨૭૭૩૩.૮૩ની રકમ ભરવાપાત્ર થાય છે. જેની જાણ મવડી રોડ સબડીવીઝન દ્વારા પત્ર નં ૫૦૮૦ તા.૧૦.૦૫.૨૦૨૨ થી સદર ગ્રાહકને જાણ કરેલ છે.

## ::હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ સદર અરજદારના ગ્રાહક નંબર ૩૦૬૦૮/૧૬૪૨૫/૯ થી કાબાભાઈ રતાભાઈ મુંધવાના નામે તા.૨૬.૦૯.૨૦૦૪ થી રહેણાક હેતુનું 0.5 KW કરારિત વીજભારનું વીજજોડાણ મવડીરોડ પેટાવિભાગીય કચેરી હેઠળ ધરાવે છે.

૪.૨ સદર ગ્રાહકને પી.જી.વી.સી.એલ. દ્વારા માહે ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૨ નું ૩૩૭૯ યુનીટનું રૂ.૨૮૦૩૫/૯૮ તા.૦૭-૦૪-૨૦૨૨ થી આપેલ છે. સદર વીજબીલ અન્વયે અરજદાર દ્વારા પી.જી.વી.સી.એલ.ની સબંધક કચેરીમાં તેઓના વપરાશ કરતા ખુબજ વધુ બીલ આવેલ હોય યોગ્ય કરવા જણાવેલ પરંતુ સંતોષકારક કાર્યવાહી ન થતા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૩ અરજદારની સદર ફરિયાદ અન્વયે પી.જી.વી.સી.એલ. દ્વારા તા.૨૭-૦૪-૨૦૨૨ ના રોજ મીટર રિપ્લેસમેન્ટ શીટ નં આર.સી.સી. ૮૫૮૬૧૪ થી સવાલવાળું મીટર બદલાવી નવું મીટર ૦૧ રીડીંગથી મુકેલ છે તેમજ સદર જુના મીટરની મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં ચકાસણી માટે તા.૦૨-૦૫-૨૦૨૨, તા.૦૯-૦૫-૨૦૨૨ અથવા તા.૧૬-૦૫-૨૦૨૨ માં હાજર રહેવા જણાવેલ હતું તે મુજબ તા.૦૨-૦૫-૨૦૨૨ અરજદારના પ્રતિનિધિની હાજરીમાં સદર મીટરની ચકાસણી કરવામાં આવેલ તે મુજબ મીટરનો એક્યુચેકટેસ્ટનું પરિણામ નિર્દિષ્ટ મર્યાદામાં આવેલ છે જેની વિગત નીચે મુજબ છે.

(કોષ્ટક-૧)

| Particulars | Old Meter Dt.27.04.22 | New Meter Dt.27.04.22 | Old Meter-As per MTLab Dt.27.04.22 |
|---|---|---|---|
| Make | ISKRA | HE | ISKRA |
| Meter No | PGST 00083376 | PGST 05181617 | PGST 00083376 |
| Capacity | 05- 30A | 05- 30A | 05- 30A |
| C. Reading | 29369 | 1 | 29369 |
| REMARKS | રિપ્લેસમેન્ટ શીટ નં – ૧૫ નં :૮૫૮૬૧૪ મુજબ કુલ જોડેલ વીજભાર ૧૨૫૬ વોટ | | As per accu-check result -0.45% |

વધુમાં સદર ISKRA કંપનીના મીટર નંબર - PGST 00083376 નું મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં લીધેલ એમ.આર.આઈ. અહેવાલની વિગત નીચે મુજબ નોંધાયેલ છે.

(કોષ્ટક-૨)

| Sr. No. | Reset Date & Time | Fwd KWh | MD in KW | Date & Time |
|---|---|---|---|---|
| 1 | | 29369 | | 02.04.2022 |
| | | 29353 | 1.65 | |
| 2 | | 29023 | 1.61 | |
| 3 | | 28784 | 1.53 | |
| 4 | | 28642 | 1.31 | |
| 5 | | 28530 | 0.9 | |
| 6 | | 28364 | 1.11 | |

૪.૪ અરજદારના સદર વીજજોડાણ ગ્રાહક નંબર - ૩૦૬૦૮/૧૬૪૨૫/૯ ના બિલીંગ પી.આર.ટી.-૧૪૫ મુજબ કરેલ વીજવપરાશની વિગત નીચે મુજબ છે.

(કોષ્ટક-3)

| BILLING PERIOD | Year-2018 | | Year-2019 | | Year-2020 | | Year-2021 | | Year-2022 | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | CURR RDG | UNIT | CURR RDG | UNIT | CURR RDG | UNIT | CURR RDG | UNIT | CURR RDG | UNIT |
| DEC,JAN, BIL FEB, | 14794 | 217 | 17150 | 371 | 19431 | 364 | 22566 | 421 | 25770 | 558 |
| FEB,MAR, BIL APR, | 15053 | 259 | 17489 | 339 | 19431 | 380 (N) | 23048 | 482 | 29149 | 3379 |
| APR,MAY, BIL JUN, | 15349 | 296 | 17898 | 409 | 20714 | 1283 | 23578 | 530 | | |
| JUN,JUL, BIL AUG, | 16108 | 759 | 18305 | 407 | 21153 | 439 | 24100 | 522 | | |
| AUG,SEP, BIL OCT, | 16452 | 344 | 18700 | 395 | 21620 | 467 | 24700 | 600 | | |
| OCT,NOV, BIL DEC, | 16779 | 327 | 19067 | 367 | 22145 | 525 | 25212 | 512 | | |
| Total | | 2202 | | 2288 | | 3458 | | 3067 | | |
| Avg Consumption | | 367.00 | | 381.33 | | 576.33 | | 511.17 | | |

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં. ૪.3 અને ૪.૪ મુજબ અરજદારને માહે ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૨૨ નું ૩૩૭૯ યુનીટનું રૂ.૨૮૦૩૫.૯૮/-નું બીલ તા.૦૭-૦૪-૨૦૨૨ થી આપેલ છે. જે અનુસંધાને અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ દ્વારા તા.૨૬-૦૪-૨૦૨૨ ના રોજ સદર મીટર ગ્રાહકના પ્રતિનિધિની હાજરીમાં બદલાવેલ છે તેમાં પણ મીટરના રીડીંગ ૨૯૩૬૯ KWh નોંધાયેલ છે. ત્યારબાદ સદર મીટરની મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં તા.૦૨.૦૫.૨૦૨૨ ના રોજ ગ્રાહકના પ્રતિનિધિની હાજરીમાં કરાયેલ ચકાસણી રીપોર્ટ મુજબ મીટરમાં ખામી જણાયેલ નથી અને મીટરના રીડીંગ ૨૯૩૬૯ KWh નોંધાયેલ છે.

૪.૬ સદર ગ્રાહકનું વીજબીલ તા.૦૭.૦૪.૨૦૨૨ ના રોજ અપાયેલ છે ત્યારે મીટરનું વાંચન ૨૯૧૪૯ KWh હતા ત્યારબાદ તા.૨૭.૦૪.૨૦૨૨ ના રોજ મીટર ઉતારેલ ત્યારે મીટરના વાંચન ૨૯૩૬૯ KWh નોંધાયેલ છે તે મુજબ ૨૦ દિવસમાં કુલ ૨૨૦ યુનીટનો વીજવપરાશ નોંધાયેલ છે એટલેકે પ્રતિદિન ૧૧.૦૦ યુનીટનો સરેરાશ વપરાશ નોંધાયેલ છે.

ત્યારબાદ પીજીવીસીએલ દ્વારા સદર વિવાદિત મીટર બદલ્યા બાદ તા.૨૭.૦૪.૨૦૨૨ થી નવું મીટર ૦૧ યુનીટથી મુકેલ છે તે મુજબ અરજદારના નવા મીટરમાં તા.૧૦-૦૫-૨૦૨૨ ના રોજ સ્થળ પર લીધેલ મીટરના વાંચન મુજબ ૧૨૫ KWh મીટરમાં નોંધાયેલ છે, તે મુજબ દિવસ-૧૩ માં પ્રતિદિન ૯.૬૧ યુનીટનો સરેરાશ વીજવપરાશ જણાય છે.

તદઉપરાંત, અરજદારના વીજબીલ મુજબ તેઓના વીજજોડાણમાં 0.5 KW નો કરારિત વીજભાર ધરાવે છે. જ્યારે ચેકિંગ શીટ તા.૨૭.૦૪.૨૦૨૨ મુજબ જોડાયેલ કુલ વીજભાર ૧.૨૫૬ KW નોંધાયેલ છે. તેમજ સવાલવાળા બદલાયેલ મીટરના એમ.આર.આઈ. અહેવાલની હિસ્ટ્રી ક્રમાંક ૦૧ મુજબ ૧.૬૫ KW મહતમ ડીમાન્ડ નોંધાયેલ છે.

સદર બાબતોને ધ્યાનમાં લેતા સ્પષ્ટ થાય છે કે મીટર રીડર દ્વારા અરજદાર ગ્રાહકને મીટરમાં નોંધાયેલ વીજવપરાશી યુનીટ મુજબ વીજબીલ અપાયેલ ન હોવાથી અરજદારને વીજબીલ માહે ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૨ માં ૩૩૭૯ યુનીટનું વધારે વીજબીલ પેન્ડીંગ યુનીટના કારણે આવેલ છે, જે મીટર રીડરની બેદરકારી દર્શાવે છે જે ખુબજ ગંભીર બાબત છે.

૪.૭ આમ, સદર પેન્ડીંગ યુનીટ અગાઉ કેટલા સમયથી મીટરરીડર દ્વારા વીજ મીટરમાં નોંધાયેલ રીડીંગ મુજબ વીજબીલ અરજદારને અપાયેલ નથી તે સ્પષ્ટપણે નક્કી કરી શકાતુ નથી. સદર બાબતને ધ્યાનમાં રાખતા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા માહે એપ્રિલ-મે-૨૦૨૦ થી માહે ફેબ્રુ-માર્ચ-૨૦૨૨ સુધીના યુનિટ પ્રમાણે વીજબીલનું વિભાજન કરતા અગાઉ આપેલ માહે ફેબ્રુ-માર્ચ-૨૦૨૨ ના વીજબીલની રકમ રૂ.૨૮૦૩૫.૯૮માંથી વિભાજન મુજબ રૂ.૩૦૨.૧૫ બાદ કરતા રૂ.૨૭૭૩૩.૮૩ રકમ ગ્રાહકશ્રીને ભરવાપાત્ર થાય છે જેની જાણ મવડી રોડ સબડીવીઝન દ્વારા પત્ર નં.૫૦૮૦ તા.૧૦.૦૫.૨૦૨૨થી સદર ગ્રાહકને જાણ કરેલ છે, જે કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ યોગ્ય કાર્યવાહી કરેલ જણાયેલ છે.

૪.૮ મુદ્દા નં ૪.૩ થી ૪.૬ મુજબની વિગતે અરજદારના સવાલવાળા મીટરમાં કોઈ ખામી જણાયેલ નથી તેમજ મીટર બદલ્યા પહેલા અને મીટર બદલ્યા બાદના વીજવપરાશની સરખામણી કરતા વીજવપરાશ સુસંગત જણાયેલ છે. જેથી પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૧૦.૦૫.૨૦૨૨ ના પત્ર મુજબ વિવાદિત બીલની રકમ રૂ.૨૮૦૩૫.૯૮ ને બદલે રૂ.૨૭૭૩૩.૮૩ ભરપાઈ કરવાને પાત્ર છે. વધુમાં અરજદારના સદર વીજજોડાણના વીજમીટરમાં નોંધાયેલ મહતમ વીજભાર (૧.૬૫ KW) અને જોડેલ વીજભાર (૧.૨૫૬ KW) તેઓના કરારિત વીજભાર (0.૫૦૦ KW) અને નિર્દિષ્ટ કરેલ જોગવાઈ કરતા વધુ વપરાશ થતો હોય અરજદારને તેઓનો વીજભાર નિયમિત કરવા સુચના આપવામાં આવે છે.

વધુમાં અરજદારની મૌખિક રજૂઆત મુજબ આર્થિક પરીસ્થિતિ ધ્યાને લેતા પેન્ડીંગ યુનીટના વીજબીલની કુલ રકમ રૂ.૨૭૭૩૩.૮૩ના ૦૪ (ચાર) સરખા વ્યાજ વગરના માસિક હપ્તા કરી આપવા ફોરમ દ્વારા નિર્ણય કરેલ છે,જે અન્વયે અરજદારે પ્રથમ હપ્તો તા.૦૭-૦૬-૨૦૨૨ અને ત્યારબાદ બીજા, ત્રીજા અને ચોથા હપ્તાની રકમ અનુક્રમે તા.૦૭-૦૭-૨૦૨૨, તા.૦૭-૦૮-૨૦૨૨ તેમજ તા.૦૭-૦૯-૨૦૨૨ સુધીમાં ભરપાઈ કરવાની રહેશે, જો સદર રકમ ભરપાઈ કરવામાં અરજદાર નિષ્ફળ રહેશે તો પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયમાધીન કાર્યવાહી કરવી.

વધુમાં, સદર કેસમાં મીટરરીડર દ્વારા દાખવવામાં આવેલ બેદરકારી સબબ જવાબદાર મીટર રીડીંગ એજન્સીની સામે નિયમ મુજબ કડક કાર્યવાહીનો રીપોર્ટ દિવસ-30 માં ફોરમ સમક્ષ રજુ કરવો તેમજ ભવિષ્યમાં આવા પ્રકારની ભૂલનું પુનરાવર્તન ન થાય તેની યોગ્ય તકેદારી રાખવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૯ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૮ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૧૦ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (ડી.વી.લાખાણી) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાતવિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧

Consumer Grievance Redressal Forum PGVCL Rajkot